**અમદાવાદના મહેરબાન આઠમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં. ૧૦૪૧/૨૦૧૨**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ ૧. પ્રકાશ આત્મારામ ચૌહાણ, ૨.જીતેન્દ્ર ઉર્ફે જીતુ કાળીદાસ ચૌહાણ,

**ઠરાવ**

**(૧)** આ કામનાં આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ મુજબના ગુનાનો આરોપ છે અને આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે મધ્યમ વર્ગના માણસ છે અને અજાણતાં ગુનો થઈ ગયેલ છે તેમજ હવે પછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપેલ છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે. કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરી ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છા પૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીઓએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫(૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી, પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા સંયુકતપણે પ્રત્યેક આરોપીને **રૂપિયાઃ ૭૦૦/–(રૂપિયા સાતસો ) લેખે એમ મળીને કુલ રૂા.૧,૪૦૦/– (રુપિયા એક હજાર ચારસો) નો** દંડ, ભરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ના ભરે, તો **દિન–૨ (બે)** ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પે.સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૪/૧૨/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
આઠમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર. (કોડ જીજે ૦૦૭૫૮)